# રાજકોટના મહે. જયુડી. મેજી.ફ.ક.(ટ્રાફીક) સાહેબની કોર્ટ, રાજકોટ.

ફોજદારી કેસ નં. ૧૦૩૯૪/૧૬

શ્રી સરકાર ....... ફરીયાદી

વિરૂધ્ધ આંક ૨૭

વલ્લભભાઈ દેવશીભાઈ પટેલ

બધા. રહે. .................... ........ આરોપીઓ

આરોપી : જુગારધારા કલમ– ૪–૫ અન્વયે.

આ કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધું.

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓ તા.૧૯/૮/૧૬ ના અરસામાં તમો આરોપીઓ પોતાના રહેણાંક મકાનમાં ..........................................

.......................................................................................................................................... ઉપયોગ કરી જુગાર રમવા માટે બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પુરા પાડી જુગારનો અખાડો ચલાવી જુગાર સાહિત્ય સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ– ૪–૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પાર વાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનુ છું. પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ ન્યાયમુર્તિ ડો. જે. એન. ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર જી.એલ.આર. પાના નં. ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતા, આ કામમાં આરોપીને હાલના ગુના સબબ કલમમાં ન્યુન્તમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીની સામેના ગુનાને લક્ષમાં, લેતા અર્ધ ગ્રામ્ય વાતાવરણમાં પક્ષકારોમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં રજુઆતો લ ક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચનો હુકમ કરવામાં આવે છે.

## :: હુ ક મ ::

આ કામના દરેક આરોપીઓ વલ્લભભાઈ દેવશીભાઈ પટેલ રહે.રાજકોટને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ– ૪–૫ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને **રૂા.૧૦૦૦ (અંકે રૂપિયા એક હજાર પુરા)** દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન – ૩૦ (ત્રીસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. .......................... ના આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવે છે.

મુદામાલ અંગે હાલ કોઈ હુકમ કરવામાં આવતો નથી/મુદામાલ નો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા. ૧૦/૦૨/૨૦૧૮

(આર.એ. સીંઘ )
જયુ. મેજી. ફ. ક.(ટ્રાફીક)
**રાજકોટ.**
**કોડ નં.જી.જે.૦૧૦૮૯**